**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૧ ટકા ● સાંજે ૬૨ ટકા

# એક જ વરસાદમાં બેદરકારી ભર્યા વહીવટની પોલ ખોલતાં ભૂવાં....!!





'એક સાંધો ત્યાં તેર તુટે' તેવી હાલત અત્યારે ચોતરફ જોવા મળી રહી છે, એક તો કોરોના મહામારીએ નાગરિકોને પરેશાન કરવામાં પાછું વળીને નથી જોયું ત્યાં તો 'તાઉ તૈ' વાવાઝોડું તુટી પડયું અને સાથે તોફાની વરસાદને લઈને... આ વરસાદના કારણે શહેરમાં અનેક ઠેકાણે ભૂવા પડી જવા પામ્યા છે, એટલે હવે નાગરિકોએ આગામી દિવસોમાં આ ભૂવાથી બચીને ચાલવું પડશે. જો કે આ ભૂવા પડવાનું કારણ શહેરના વિકાસ કાર્યો માટે કરાયેલા ખોદકામ પછી જે પ્રમાણે પાણી સિંચન સાથે માટીનું પુરતું પુરાણ કરવું જોઈએ તે મુજબ કામ પૂર્ણ નહીં કરવાની દાખવેલી બેદરકારી છે જે નાગરિકો માટે તો 'પાડાના વાંકે પખાલીને ડામ' જેવી સ્થિતિ છે. શહેરમાં સત્તાધીશો દ્વારા આચરવામાં આવતા ભ્રષ્ટાચારને કારણે કોન્ટ્રાકટરો દ્વારા દાખવવામાં આવતી બેદરકારી અંતે તો નાગરિકોને જ કનડે છે જેની પોલ આવા સમયે ખુલી જાય છે અને તે સાથે જ જનતાનો રોષ સત્તાધીશો પ્રત્યે દિન પ્રતિદિન વધતો જાય છે પરંતુ સત્તાના મદમાં અંધ બનેલા સાશકોને કયાં પ્રજાની પડી છે? પરંતુ જે દિવસે પ્રજા જાગશે અને પરચો દેખાડશે ત્યારે સત્તાધીશોને મ્હોં છુપાવવાની પણ જગ્યા મળશે નહીં તે નક્કી છે.

## શહેરની સેવા સરિતા જુસિકાએ ૨૧ વર્ષ પૂર્ણ કર્યા

ગાંધીનગર, તા. ૧૯

જુનિયર સિટિઝન્સ કાઉન્સિલનો તા. ૧૯મી મે ના રોજ સ્થાપના દિન હતો. જોત જોતામાં સંસ્થા ૨૧ વર્ષ પુર્ણ કરેલ છે. જુનિયર સિટિજન્સ કાઉન્સિલની શબ વાહિનીની સેવા, એમ્બ્યુલન્સ સેવા, આરોગ્ય સુરક્ષાના સાધનો વાપરવા આપવા, અંતિમ સંસ્કારનો સામાન વિનામુલ્યે આપવો, ચક્ષુદાન, દેહદાન, રકતદાન, સ્મશાન સંચાલન, મેડીકલ સહાય જેવી વિવિધ લક્ષી સેવાઓથી શહેરીજનો વાકેફ છે. કોવિડ-૧૯ની મહામારીમાં કદાચ ગાંધીનગરની એક માત્ર સંસ્થા અવિરત ૨૪ કલાક ચાલુ રહીને સેવા પ્રવૃતિ ચાલુ રાખેલ છે. સંસ્થા દ્વારા રૂદ્રભૂમિ અંતિમધામનું (સરગાસણ) સંચાલન સંભાળ્યા બાદ પ્રતિ માસ એવરેજ ૬૦ મૃતકોના અંતિમ સંસ્કાર થતાં હતા. પરંતુ કોવિડ-૧૯ આવ્યા બાદ રૂદ્રભૂમિ અંતિમધામ (સરગાસણ) ચોવીસ કલાક ચાલુ રાખવામાં આવતા માર્ચ-૨૦૨૦તી આજ દિન સુધીમાં ૧,૩૧૮ મૃતકોના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યાં છે.

સંસ્થાના પ્રથમ હરોળના કાર્યકર દિલીપભાઈ કોઢિયાં, સંસ્થાના પ્રથમ એમ્બ્યુલન્સ પાઈલોટ રાજેન્દ્રભાઈ મકવાણા અને તથા એમ્બ્યુલન્સ પાઈલોટ ગણપતભાઈ મકવાણા અને સંસ્થાના પ્રેરણાસ્ત્રોત જી.એન. ખારોડ સંસ્થાના સલાહકાર ડૉ. નટુભાઈ ત્રિવેદી, મુક્તિધામ સેક્ટર-૩૦ના કર્મચારી મંગળદાસ ચૌધરી વગેરેનુ આ વર્ષ દરમ્યાન અવસાન થયેલ અવસાન થયેલ છે. આ સેવાકોની સંસ્થાને સદાય ખોટ પડશે. સંસ્થાની અવિરત સેવા માટેનો શ્રમ સંસ્થાના માનદ સેવકો ઉપરાંત સમિતિના સભ્યો, આજીવન સભ્યો, સંસ્થાને આર્થિક સહયોગ આપનાર દાતાઓ, સિવિલ સર્જન, સિવિલ હોસ્પિટલ સ્ટાફ અને તમામ પત્રકાર મિત્રોને આભારી છે તેવુ જણાવતા આ તમામ સહયોગીના આભાર સાથે આપ સૌનો સહયોગ મળતો રહેશે તેવી અભિલાષા જુસિકા દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

## સેકટર-૨૧ પેટ્રોલ પંપના કર્મચારીઓ પર ઘાતકી હુમલો

ગાંધીનગર, તા.૧૯

શહેરના સેકટર-૨૧ પેટ્રોલ પંપ ખાતે કારમાં સીએનજી ગેસ પુરાવા માટે આવેલા શખ્સોએ સામાન્ય બાબતે પંપ પર કામ કરતા કર્મચારીઓ પર ઘાતક હુમલો કરી ઉભી રહેલી કારના કાચ તોડીને હુમલાખોર શખ્સો પોતાની ગાડી મુકીને અન્ય કારમાં નાસી છુટ્યા હતા. જયારે પેટ્રોલ-ડિઝલ પુરાવા માટે આવેલા વાહનચાલકોમાં દોડધામ મચી ગઈ હતી. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ થલતેજ ખાતે રહેતો કુલદીપ અશ્વિનભાઈ બારોટ સેકટર-૨૧ સ્થિત પેટ્રોલ પંપનું બોડકદેવ સેવા સહકારી મંડળીના નામે સંચાલન કરે છે. ગતરોજ બપોરના સુમારે પંપમાં ફરજ બજાવતા અનુજ બારોટ, ભરત પટેલ, અને મિહિર ચાવડા સાથે સ્વીફટ કાર લઈને ઘરે પરત જઈ રહ્યા હતા. તે સમયે કુલદીપને તેની ગાડી રીવર્સ લઈ રહ્યો હતો, તે દરમિયાન ગાડીની પાછળ એક યુવાન ફોન પર વાત કરી રહ્યો હતો. જેથી કુલદીપે કાર પાછળથી યુવકને ખસી જવા માટે જણાવ્યું હતું. જેથી યુવક ફોન પર વાત કરતા સાઈડમાં જતો રહ્યો હતો. તે સમયે કુલદીપે પોતાની કાર રીવર્સ લેવાની શરુઆત કરતા જ યુવક પાછો કારની પાછળ આવી જતા તેને સાઈડમાં જવાનું કહેતા તેણે ગાડીને લાત મારી હતી. જેથી કારમાં સવાર અનુજ દરવાજો ખોલીને બહાર નીકળ્યો હતો. અનુજ કંઈ સમજે કે વિચારે તે પહેલા જ પેલા યુવકે અનુજને મારવાનું શરુ કર્યું હતું. જેથી અનુજને બચાવવા માટે કુલદિપ સહિતના વ્યકિત વચ્ચે પડ્યા હતા. ત્યારે એસ્ટીમ કારમાં ગેસ પુરાવા માટે આવેલ શખ્સ પણ દોડી આવીને મારામારી કરવા લાગ્યો હતો. જયારે હજુ ગુસ્સો શાંત પડ્યો ન હોય તેમ પોતાના અન્ય મિત્રો કિશન, હિમાંશુ, સુરપાલ, તેમજ ગુડ્ડુ નામના યુવકોને ફોન કરી બોલાવ્યા હતા. અલ્ટો કારમાં આવેલા શખ્સોએ કાર પંપ થી દુર મુકીને ધોકા, ટાયર ખોલવાનું પાનુ અને માપીયુ લઈને કર્મચારીઓ પર હુમલો કરી કુલદીપની કારના કાચ તોડી નાંખ્યા હતા. સેકટર-૨૧ જેવા ભરચક વિસ્તારમાં મારામારીની ઘટના બનતા વાહલચાલકોમાં પણ દોડધામ મચી ગઈ હતી. જયારે ઝઘડો કરનાર યુવકો પોતાની ગાડી નં.જી.જે.૦૧.એચ.ડી.-૦૪૫૬ સ્થળ પર મુકીને અલ્ટો કારમાં ભાગી ગયા હતા. પોલીસે અજાણ્યા યુવકો સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

**શહેરના 'ચ'માર્ગ પર જિલ્લા પંચાયત પાસે વાવાઝોડાને પગલે ટ્રાફિક પોલીસનું બુથ હવામાં ફંગોળાઈ માર્ગ પર પડયું હતું. જેથી માર્ગ બંધ થઈ જતા વાહનચાલકો અટવાઈ ગયા હતા. શહેરમાં ઠેર ઠેર વૃક્ષો, હોર્ડિંગ્સ વાવાઝોડામાં ઉખડી પડતા રસ્તા બંધ થઈ જવા પામ્યા હતા. તંત્ર દ્વારા ક્રેઈન બોલાવી બુથ હટાવાતા માર્ગ વાહનચાલકો માટે ખુલ્લો મુકાયો હતો.**




## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર શહેરમાં આજે શાકભાજીના ભાવોમાં કડાકો બોલતાં ખરીદનારાઓ પણ ચોંકી ઉઠ્યા હતા. લીંબુના ભાવમાં મોટો કડાકો બોલ્યો હતો.

● ગાંધીનગરમાં ગઈકાલે થયેલા ભારે વરસાદ પછી કેટલાક વિસ્તારોમાં પાણી ભરાઈ રહેતાં તો નભોઈ નજીકના ઈલેક્ટ્રીક ફોલ્ટને કારણે પાણી પુરવઠો પેયજળનો ઓછો મળતા ''પાણી'' આજે ટોક ઓફ ધી ટાઉન બન્યુ હતુ.

● ગાંધીનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના નવા કેસો એક સરખા નોંધાયા છે.

● ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના નોંધાયેલા કેસો કરતાં બમણાથી વધુ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

● જળસ્ત્રાવ પ્રોજેકટ ઈન્ચાર્જનો ચાર્જ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકને સોંપવામાં આવ્યો છે.

● ગાંધીનગર ડેપોમાં ગઈકાલે અટવાઈ ગયેલા ૧૨૫ જેટલા લોકોને મનપાના શેલ્ટર હોમમાં ગઈકાલે રહેવા જમવા અને સુવાની વ્યવસ્થા મનપાના તંત્રએ કરી હતી.

● ગાંધીનગર શહેરના વિવિધ સ્મશાનગૃહોમાં આજે ૧૯ જેટલા મૃતકોની કોવિડ-૧૯ની ગાઈડલાઈન પ્રમાણે અંતિમવિધિ કરાઈ હતી.




ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં છેલ્લાં ઘણા દિવસથી માનવ સેવા સમિતિની ટીમ કોરોના વોરિયર્સ માટે બે ટંકનું ભોજન અને સવારે નાસ્તો વિનામૂલ્યે પુરો પાડવાની સેવા આપી રહી છે. અત્યારે ભોજનમાં ખીચડી-છાશ, પાણીની બોટલ સાથે કેરી આપવામાં આવી રહી છે જે સિવિલ હોસ્પિટલ કેમ્પસની જુની કેન્ટિનની જગ્યાએથી સેવાકાર્ય ચલાવાઈ રહ્યુ છે. આ સેવાનો લાભ સિવિલના કોરોના વોરિયર્સ સહિત દર્દીઓના સગાં તથા અન્ય જરૂરિયાતમંદો પણ લઈ રહ્યાં છે જેઓ મોઢે માસ્ક પહેરી શિસ્તબધ્ધ રીતે લાઈનમાં ઉભેલા જોવા મળે છે.

## વોર્ડ નં.૧૦માં જરૂરિયાતમંદોને વરસાદથી તોફાનથી બચાવવા આશરો અપાયો

ગાંધીનગર, તા.૧૯

તાઉ તૈ વાવાઝોડામાં વરસેલા વરસાદને પગલે મુશ્કેલીમાં મુકાયેલા અસરગ્રસ્ત ઝુંપડાવાસીઓની મદદે પહોંચી ભાજપ વોર્ડ નં. ૧૦નાં ઉપપ્રમુખ ભાઈ જૈમીન વૈદ્ય અને તેમની ટીમે વરસતાં વરસાદમાં સૌથી પહેલા તમામ અસરગ્રસ્તોને કોમ્યુનિટી હોલ ખાતે ખસેડ્યા હતા અને ત્યારબાદ તેમના માટે ભોજનની વ્યવસ્થા કરી હતી. આ વ્યવસ્થામાં ભાજપ શહેર પ્રમુખ રૂચીર ભટ્ટે શ્રમજીવીઓને તાત્કાલિક પરિવાર સાથે રાતવાસો કરવાની વ્યવસ્થા કરી આપી હતી જ્યારે જમવાની વ્યવસ્થામાં સે.ના સ્વામિનારાયણ મંદિરના સ્વામીજી તથા જીગ્નેશભાઈ ઠક્કર, જીતુભાઈ શ્રીમાળીએ સંભાળી અને હિમાંશુ ભચેચે આનુસંગિક વ્યવસ્થા કરી હતી.



માનવતાના આ સેવાકાર્યમાં વોર્ડ. ૧૦ના ભાજપના મહામંત્રી અરવિંદ ઠાકોર, તેમજ નિર્મલ શ્રીમાળી, નિરાલી શ્રીમાળી, વિપુલભાઈ ડોડીયા તથા સુનીલભાઈ તડવીએ વરસતા વરસાદે ફરજ બજાવી હતી.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**કાકા... એક જ અફસોસ છે કે બાપુજી કોરોનાની જગ્યાએ વાવાઝોડામાં શિવ થયા હોત તો સારૂ હતું...!!**

## દરજી સમાજના અગ્રણીનું સેવા કાર્ય

ગાંધીનગર, તા.૧૯

એક તરફ કોરોનાનો કહેર અને બીજી તરફ વાવાઝોડાંનો માર એમ બેવડી આફતોમાં ઘેરાયેલા ગાંધીનગરના જરૂરિયાતમંદ વર્ગના પરિવારોને સમસ્ત ગુજરાત દરજી સમાજના પ્રમુખ તથા ભાજપના પૂર્વ બક્ષી પંચ મોરચા પ્રમુખ અંબાલાલ મોહનલાલ દરજીએ વિના મૂલ્યે અનાજની કીટનું વિતરણ કર્યું હતું. આ કિટમાં અનાજ સાથે કરિયાણું જેવું કે ચોખ્ખું ઘી, મસાલા, તેલ, ઘઉંનો લોટ, ચોખા, વિવિધ પ્રકારની દાળો વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો હતો જેથી આફતના આ કપરા સમયે જરૂરિયાતમંદ પરિવારોને ટેકો મળી રહે.

## કોલવડા હોસ્પિટલમાં લાઈટ ડુલ થતા જનરેટર ચાલુ કર્યું

ગાંધીનગર શહેર-જિલ્લામાં વાવાઝોડાને પગલે ગઈકાલે સતત વરસાદને પગલે કેટલાક વિસ્તારમાં લાઈટ ડુલ થઈ ગઈ હતી. ત્યારે ગાંધીનગર નજીક કોલવડા આર્યુવેદિક કોલેજ કેમ્પસની પણ લાઈટ સાંજના સુમારે ગઈ હતી, જયારે મોડી રાતે લાઈટ આવી ગઈ હતી. જો કે કોલવડા કોલેજ ખાતે બે જનરેટર છે જેમાં એક ૩૫૦ કેવી અને બીજુ ૭૫૦ કેવી નું છે. જયારે કોવીડ કેર સેન્ટરમાં દર્દીઓ સારવાર હેઠળ હોવાથી ૭ કલાક જનરેટર શરુ રાખ્યું હતું. આ સેન્ટરમાં પ્રાપ્ત વિગત મુજબ ૬૦ જેટલા દર્દીઓ સારવાર હેઠળ છે. જેમાં ૧૨ જેટલા દર્દીઓ માત્ર ઓકિસજનની જરુરીયાતવાળા છે. પરંતુ તમામ દર્દીઓની તબિયત સ્થિર હોવાથી ચિંતાનો વિષય ન હતો.

## સે-૨ સ્વામિનારાયણ મંદિર ખાતે યોજાયેલ "હેપ્પી રક્તદાન શિબિર"માં ૪૩ યુનિટ્સ રક્ત એકત્ર થયું




ગાંધીનગર, તા.૧૯

કોરોના કાળની પ્રવર્તમાન પરિસ્થિતિમાં સર્જાયેલી રક્તની અછતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલની લોહીની જરૂરીયાતને પહોંચી વળવા મદદરૂપ થવાના ભાગ રૂપે ગાંધીનગરની સેવાભાવી યુવાનોની સંસ્થા "હેપ્પી યુથ ક્લબ" અને સેક્ટર-૨ સ્વામિનારાયણ મંદિરના સંયુક્ત ઉપક્રમે આજે યોજવામાં આવેલ "હેપ્પી રક્તદાન શિબિર"ને પ્રત્સાહક પ્રતિસાદ સાંપડ્યો હતો. જેમાં કુલ ૪૩ રક્તદાતાઓએ રક્તદાન કર્યું હતું. અમદાવાદ નરનારાયણદેવ દેશ તાબાના સેક્ટર-૨ ખાતેના શ્રી સ્વામિનારાયણ મંદિરે આયોજિત આ હેપ્પી રક્તદાન શિબિરમાં મંદિરના મહંત સ્વામી પૂ.પુરુષોત્તમપ્રકાશદાસજીના માર્ગદર્શનમાં રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

હેપ્પી યુથ ક્લબના છઠ્ઠા સ્થાપના દિન નિમિત્તે આયોજિત "હેપ્પી રક્તદાન શિબિર"માં રક્તદાન કરનાર તમામ રક્તદાતાને પ્રમાણપત્ર સાથે શુભેચ્છા ભેટ રૂપે "રક્તદાતા પ્રોત્સાહન કિટ" આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. "હેપ્પી રક્તદાન શિબિર"માં રક્ત એકત્ર કરવાની સેવા ગાંધીનગર સિવિલ હોસ્પિટલની બ્લડ બેંક દ્વારા પૂરી પાડવામાં આવી હતી. જે એકત્રિત રક્ત ગાંધીનગર સિવિલ હોસ્પીટલમાં દાખલ જરૂરિયાતમંદ દર્દીઓને અકસ્માત, પ્રસૂતિ, ઓપરેશન કે ગંભીર બીમારીની સારવાર જેવા અણીના સમયે જીવન બચાવવા ઉપયોગી નીવડશે. હેપ્પી રક્તદાન શિબિરમાં કોવિડ-૧૯ની ગાઈડ લાઈન અનુસાર ફરજિયાત માસ્ક, સેનેટાઈઝર અને સોશિયલ ડિસ્ટન્સ સહિતના નિયમોનું પાલન કરવામાં આવ્યું હતું.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. પરમાર સુમતિબેન ચંદ્રકાન્ત, ઉ.વ. ૭૬, કોબા
- સ્વ. ઝાલા અરવિંદસિંહ અંદરસિંહ, ઉ.વ. ૪૩, અમરાજીના મુવાડા, દહેગામ
- સ્વ. સોની સુર્યકાન્ત કાંતિલાલ, ઉ.વ. ૭૦, સેકટર-૨૭
- સ્વ. પંડયા ઉષાબેન વાસુદેવ, ઉ.વ. ૭૩, સેકટર-૫
- સ્વ. પટેલ યશ શૈલેષભાઈ, ઉ.વ. ૨૨, પલસાણા, કલોલ
- સ્વ. પટેલ પ્રતિકકુમાર ભીખાભાઈ, ઉ.વ. ૩૩, રાયસણ
- સ્વ. ઠાકોર બાલુબેન હિરજી, ઉ.વ. ૯૦, ઉવારસદ
- સ્વ. રાઠોડ જગતસિંહ નાથુસિંહ, ઉ.વ. ૫૫, લેકાવાડા
- સ્વ. બારૈયા રૂપસિંહ દાનસિંહ, ઉ.વ. ૪૮, એરંડાની મુવાડી, દહેગામ
- સ્વ. ઝાલા ઉદાબેન દિપસિંહ, ઉ.વ. ૬૦, કેશરપુરા, સાબરકાંઠા
- સ્વ. રાવત ઈન્દ્રજીત બળદેવપ્રસાદ, ઉ.વ. ૬૭, અમદાવાદ
- સ્વ. સોલંકી રામસિંહ મગાજી, ઉ.વ. ૫૫, ચરેડ, ખેડા
- સ્વ. દરજી હરિલાલ કરશનદાસ, ઉ.વ. ૭૫, લવારપુર
- સ્વ. રાઠોડ માનસિંહ શંકરસિંહ, ઉ.વ. ૬૫, અમરાપુર, માણસા
- સ્વ. સોલંકી રતનસંગ શિવસિંહ, ઉ.વ. ૭૨, દોલતાબાદ, તલોદ



ગાંધીનગર જિલ્લા પંચાયતમાં દહેગામ તાલુકા પંચાયતમાં દહેગામ તાલુકા પંચાયત પેટા વિભાગના વર્ગ-૪ના કર્મચારી સ્વ. કનુભાઈ રાણાના પરિવારજનોને સ્વભંડોળમાંથી મૃત્યુ સહાય પેટે રૂ. બે લાખનો ચેક પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલે એનાયત કર્યો હતો. સ્વ. કનુભાઈનું આકસ્મિક અવસાન થયું હતું.

## જન્મદિને વધામણી



મહેશકુમાર કેશવલાલ સુખડીયા
મો. ૯૯૦૯૯ ૫૫૬૬૦



ધૃમિન રાજેશ પટેલ
મો. ૯૯૯૮૪ ૦૦૯૫૦



શિવાય રાકેશકુમાર વાળંદ



નરેશકુમાર કે ખાચર
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ



તરુણકુમાર શુકલા
રિટાર્ડ સ્ટેટ બેંક ઓફિસર
મો. ૯૮૨૪૦ ૫૭૪૧૦



નીતા મનિષકુમાર દલાલ



ક્રિષ્ના રૂપાલા
મો. ૯૮૨૪૫ ૨૯૪૧૦



જયપ્રભાબેન બિપીનભાઈ ભાવસાર
મો. ૯૮૨૩૬ ૭૧૦૨૨



જીયાન મણિયાર